# ટી.વી.ની માંદગી

– કિશોર વ્યાસ

એકવાર ઘરમા સૌ બેઠા હતા. ગામગપાટા ચાલતા હતા ત્યા ટીનુએ આવી ટીવી ચાલુ કરવા સ્વિચ દબાવી. ટીવીમા ઝબકારો થયો. રિમોટની બે–ચાર ચાપ ટીનુએ દબાવી. ટીવી ઝબકી બધ થઈ ગયુ 'ટિનુડા તુ ટીવી બગાડી નાખીશ હો' એમ કહી રેવાએ રિમોટને હાથમા લઈ બેચાર ચેનલ જોઈ. ટીવી કાળધબ્બ ! એમા કશુ આવત જ નહોતુ. ઘરના સૌ એક પછી એક ભેગા થઈ ગયા. ટીવીને ચાલુ કરવા મહેનત કરવા લાગ્યા. વાયરને કાઢો નાખી ફરી ટીવી ચાલુ કર્યું પણ ટીવી જવાબ આપતુ ન હતુ. કાકાએ રિમોટને એક ખૂણામા મૂકી દેતા ભારે અવાજે કહ્યુ : 'ટીવી માદુ પડી ગયુ છે. હવે એની દવા કરાવવી પડશે.'

આ સાભળી ટીનુ તો રડવા જેવો થઈ ગયો. 'ખરેખર ટીવી માદુ પડય છે ? હવે એ નહિ ચાલે ? ટીનુને સાજના કાર્યક્રમોની ફિકર થઈ. ટીવી બધ થઈ જાય તો સાજના તો શુ સવાર, બપોરના કાર્યક્રમો પણ જોવા ન મળે. ટીવી જોવા ન મળે તો ટીનુને તો બહુ ખાલી ખાલી લાગે. ઘરમા પણ અજબ શાતિ પથરાઈ ગઈ. ટીવી જોયા વગર ચેન કેમ પડે ?

એક વખત ટીનુ મામાને ત્યા ગામડે ગયેલો ત્યારે મામાને ત્યા તો ટીવી જ નહોત. મામા વાડી–ખેતર જાય ત્યારે સાથે રેડિયો લેતા જાય. ઘરે પણ રેડિયો જ સાભળવાનો. અખબારો અને ચોપડીઓ વાચવાની, પણ ટીવી જોવા ન મળે. ટીનુને તો ટીવી જોયા વગર સહેજેય ન ચાલે. એ બે દહાડામા જ મામાના ઘરેથી પાછો ફરી ગયો. સૌ કહેવા લાગ્યા 'અરે, તુ તો રોકાવાનો હતો ને ? ટીનુ સૌને એક જ જવાબ આપતો : 'ત્યા ટીવી ન મળે તો આખો દહાડો કરવાનુ શુ ?'

'દોસ્તો જોડે રમતો રમાય. ખેતરે જવાય. ડુગરો ચઢાય, કેમ વળી ? માસીઅ ટીનુને આમ કહ્યુ પણ એમને ખબર હતી કે ટીનુ કદીય આમ કરવા રાજી નહિ થાય. ટીવી જોવા એ એવો બેસે કે જાણે કે એને ગુદર લગાવ્યો હોય.'

કાકાનો હાથ પકડીને ટીનુ કહેવા લાગ્યો : અત્યારે ટીવી સરખુ નહિ થાય ?'

કાકા બોલ્યા : 'એ તો હવે કાલે સવારે ટીવીવાળાની દુકાનેથી કારીગર આવશે, ટીવીને જોશે અને ટીવીની એ મરામત કરે ત્યારે ખબર પડે કે ટીવીમા કયો રોગ છે ? લાબી મરામત કરવાની હશે તા ટીવીને સાજ થતા દસબાર દહાડા પણ લાગી જાય.' ટીનુ આ સાભળી ભારે નિરાશ થઈ ગયો. એને ચિતામા જોઈ કાકા કહે : 'આપણે કાલે બતાવી જોઈશુ હો. તુ હાલ તો રમવા જા.



ટીનુ દોસ્તો જોડે રમવા ગયો પણ એનુ મન તો ટીવીમા જ હતુ. એ દોસ્તોને પૂછવા લાગ્યો : 'તમારે ત્યા ટીવીમા શુ આવે છે ? ચાલો, તમારે ઘરે જોવા જવુ છે ? દોસ્તોને તો રમવુ હતુ. એ બધાએ ડોકુ ધુણાવી કહ્યુ : 'આપણે ભેગા થઈને રમીએ છીએ. ટીવીની વાત છોડી દે. ટીનુને પણ એ લોકો સાથે રમવુ પડય. જાતભાતની રમતો. ઘડીવાર થાય ને દોસ્તો કહે કે ચાલો સતાકૂકડી રમીએ. એનાથી થાક્યા તો સૌ બેસીને કુડાળુ વાળી રૂમાલગોટો રમવા માડયા. એ રમી લીધા પછી કોઈ કહે કે ચાલો હવે આબલીપીપળી રમીએ. ટીનુને કેટલીક રમતનો તો આજે જ ખ્યાલ આવ્યો. એ રમવામા ટીનુને સમય ક્યા ગયો એની પણ ખબર ના પડી. ઘરના લોકોએ સાદ પાડીને એને વાળુ કરવા બોલાવ્યો ત્યારે એ માડમાડ ઘરે ગયો. ઘરે પહોચી, હાથપગ ધોઈ જમવા બેઠો કે તરત સૌને મેદાનની રમતો વિશે એ આનદથી કહેતો ગયો. ઘરના સૌ એકતાન થઈ ટીનુની વાત સાભળી રહ્યા. 'બહાર રમવા જાય તો તને ખબર પડેને રમતો રમવાની કેટલી મજા પડે છે ! તુ રમવા જાય તો તારુ શરીર અને મન બેય કેળવાય, સમજ્યો ?' કાકાએ શિખામણ આપી. જમી લીધા પછી ટીવી તો બધ હતુ એટલે ટીનુ ઘરમા પડેલી વાર્તાની ચોપડી લઈ વાચવા બેઠો. એ વાર્તા વાચીને ટીનુને બહુ મજા પડી ગઈ. હજુ એને બીજી વાર્તા વાચવી હતી પણ એને શાળાનુ લેસન યાદ આવતા દફતર કાઢી ફટાફટ દાખલા

ગણવા માડયો. લેસન પૂરુ થઈ ગયુ એટલે રમતગમતથી થાકેલો ટીનુ પથારીમા પડયો એવો ઊંઘી ગયો.

બીજા દિવસે ટીવીવાળા ભાઈએ એને તપાસી લીધુ. દુકાને લઈ જવુ પડશે એમ કહી એ તો પોતાની સાથે ટીવીને લઈ ગયા. ટીનુ નિશાળેથી સાજે પાછો આવ્યો ત્યારે ટીવી તો ઘરમા નહોતુ. ટીનુ હાથપગ ધોઈ નાસ્તો કરી દોસ્તો સાથે રમવા ચાલ્યો ગયો. દાદાજી હસીને કહે કે : ‘અલ્યા, તે તો ટીવીને યાદ પણ ન કર્યું.

એક અઠવાડિયા પછી ટીવી સાજુસમુ થઈ ઘરમા આવી ગયુ. ટીવીનો ધમધમાટ ફરી ઘરમા સભળાવા લાગ્યો પણ ટીનુને તો દોસ્તો સાથે બહાર રમવાની ખૂબ મજા પડતી હતી. નવી નવી રમતો રમવા એ દોસ્તોને બોલાવતો હતો. ઘરે આવીને થોડુ ટીવી જોઈ લીધા પછી એ વાર્તાની ચોપડી શોધી વાચવા લાગ્યો ત્યારે સૌને નવાઈ થઈ. સતત ટીવી સામે બેઠો રહેતો ટીનુનો આ બદલાવ જોઈ ઘરના સૌ વડીલોને પણ આનદ થયો. એ લોકોએ પણ નક્કી કર્યું કે સતત ટીવી ના જોવુ. સાથે મળીને કશુક નવુ વાચવુ. કોઈએ આપણા ગીતો ગાવા તો કોઈએ સાભળેલી સરસ વાતો કહેવી. પરિવારને આમ સાથે બેઠેલો જોઈ દાદાજી કહે : ‘ટીવીની માદગી તો આપણને ભારે કામમા આવી. ટીનુભાઈએ આપણને પણ બદલાવી દીધા.

કાકા કહે : પિતાજી, ટીવી માદુ નહોતુ. માદા તો આપણે હતા. ટીવીમા જે પણ આવે, જેવુ પણ આવે એ બેઠા બેઠા જોયા કરતા હતા. ટીનુભાઈએ આપણને સાજા કરી દીધા.

સૌ ખડખડાટ હસી પડયા.

■